સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

લોકશાહીમાં અભિવ્યક્તિનું ગળું રૂંધાય છે!
ને કિન્નાખોરી કરી જીભે તાળાં બંધાય છે -
ગંધાય રાજકારણ સત્તાના ઉકરડે -
થાય છે હુમલા અને કાવતરાં રંધાય છે...
('જવાહરલાલ નહેરુ' યુનિ. પર આક્રમણ)

હાઈકુ

મુખત્યારીનો,
શિક્ષણ સંસ્થા પર -
ઉતર્યો ખોફ

મત-ભેદથી
રહ્યા નથી વડીલ -
'ગૃહ' - પ્રધાન...

ચિંતન

શ્રદ્ધા દેવા યજમાના વાયુગોપા ઉપાસતે ।
શ્રદ્ધા હૃદય્ય યાકત્યા શ્રદ્ધયા વિન્દેત વસુ ॥

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

શ્રદ્ધા હૃદયની ઉચ્ચ ભાવનાનું પ્રતિક છે. તેના દ્વારા મનુષ્યનું આધ્યાત્મિક જીવન સફળ થાય છે, અને તે ધન પ્રાપ્તિ કરી સુખી બને છે.

શ્રદ્ધા આપણા જીવનની સૌથી કોમળ, મધુર અને સર્વશ્રેષ્ઠ અનુભૂતિ છે. જીવનમાં પ્રગતિનાં ત્રણ સોપાનો છે. શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ. શ્રદ્ધાથી દરેક કામ શક્ય બને છે. વિશ્વાસ મુશ્કલ કાર્યને પણ સરળ બનાવી દે છે. અને પ્રેમ તો તેને સૌથી સરળ બનાવી દે છે. જીવનમાં આ ત્રણ સદ્‌ગુણોને ધારણ કરીને આચરણમાં ઉતારવાથી આપણો જીવનરૂપી માર્ગ તમામ પ્રકારની મુશ્કેલીઓ અને કષ્ટોથી મુક્ત થઈ જાય છે. શ્રદ્ધાળુ મનુષ્ય દરેક કાર્યમાં સફળતા મેળવે છે.

રામકૃષ્ણ પરમહંસજી એ શ્રદ્ધાથી જ પોતાના હાથે જમવા માટે મહાકાલીને મજબૂર કરી દીધા હતા, શ્રદ્ધાથી આળસ તથા પ્રમાદ દૂર રહે છે અને સંપૂર્ણ મનોયોગ દ્વારા સંકલ્પ પૂરો કરવાનો માર્ગ મોકળો બને છે.

સુવિચાર

- ઉલ્લાસે બાંધેલા કર્મ પશ્ચાતાપ કરીને નાશ પામશે - **દાદા ભગવાન**
- સદાય સાચું કામ કર્યા કરવું, આનાથી થોડાક લોકો સંતુષ્ટ થશે, બાકીના આશ્ચર્ય પામશે - **લા બ્રુયેર**
- દિલહાર હૃદયના અભાવમાં સંપત્તિ એક કુરુફ ભિખારી છે? - **એમર્સન**
- જોગીને વહાલાં તુંમડાં, ભોગીને વહાલો ભોગ, દાકતરને વહાલાં ગૂમડાં, ને વૈદ્યને વહાલો રોગ - **ગુજરાતી કહેવત**
- ઘરમાં સહીને તીર્થનું સ્મરણ કરવું તે પુણ્ય છે, તીર્થમાં જઈ ઘરનું સ્મરણ કરવું તે પાપ છે - **રમણ મહર્ષિ**
- સફળતાને ગુમાવી દેવાનો નિશ્ચિત ઉપાય અવસર ગુમાવી દેવો તે છે - **સંત રોબિન**
- આજનું ઔષધ - બદામના ફોતરાને બાળી તેની રાખ દાંતે ઘસવાથી દાંત પરની પીળાશ દૂર થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક દિવસ નારદજી ગોલોકમાં ભગવાન શ્રીકૃષ્ણને ફરિયાદ કરવા ગયા અને કહ્યું, 'પ્રભુ, હું હમણાં જ પૃથ્વીલોક પર જઈને આવ્યો છું પૃથ્વી પરના લગભગ બધા જ માનવ દુઃખી છે, તમને ભજનાર પણ દુઃખી છે અને તમને ન ભજનાર પણ દુઃખી છે... ગરીબ પણ દુઃખી છે અને અમીર પણ કોઈને કોઈ વાતે દુઃખી છે. સંતાનવિહીન પણ દુઃકી છે અને સંતાન ધરાવનાર પણ દુઃખી છે... આવું શું કામ કર્યું પ્રભુ ?' ભગવાન કૃષ્ણ જવાબ આપતા કહ્યું, 'દેવર્ષિ, આપ મારા પર ખોટો આરોપ મુકો છો. મેં તો પૃથ્વી પર વસનાર દરેક માનવને સુખ જ સુખ આપ્યું છે... સુખ આપવામાં મેં કોઈ કમી કરી નથી... હા એવી જોગવાઈ છે કે દરેક માનવ પોતાના કર્મફળ પ્રમાણે સુખ ભોગવી શકે... અને દરેકને મેં કોઈ ખાસ સુખ તો આપ્યું જ છે. માનવ તરીકે જન્મ આપ્યો છે. ધડકતું હૃદય, વિચારવા માટે બુદ્ધિ બધાને આપ્યા છે. મારા પ્રમાણે મેં પૃથ્વીલોકમાં રહેતા દરેક માનવને કોઈને કોઈ સુખ આપ્યું જ છે.' નારદજી થોડા નારાજ થઈને બોલ્યા, 'પ્રભુ, હું હમણાં જ બધાને દુઃખી જોઈને આવ્યો છું. અને તમે કહો છો મેં તો બધાને સુખ જ સુખ આપ્યા છે. આવું ખોટું ન બોલવું.' કૃષ્ણ ભગવાને જવાબમાં કહ્યું, 'મેં સૌને, સુખ આપ્યું છે, પણ આ માનવજાત મૂળ અસંતોષી છે અને પોતાના સુખમાં રાજી રહેતી નથી. પોતાના સુખને ભૂલીને બીજાના સુખને જોઈને દુઃખી થતી રહે છે દરેકને પોતાના કર્મ પ્રમાણે સુખ મળે છે. કોઈકને અમુક સુખ મળે છે તો બીજાને અમુ, પોતાને પ્રાપ્ત સુખ ને ભૂલીને અન્યનું સુખ જોઈ દુઃખી થયા કરનાર માનવ તમે જોવો તો એ તમને દુઃખી જ લાગશે આમા મારો કોઈ વાંક નથી.' નારદજી ને ભગવાનની દલીલ સમજાઈ ગઈ.

ભારતની મધ્યસ્થી અનિવાર્ય છે

તંત્રીસ્થાનેથી...

ઉમાશંકર જોશીએ બહુ કાચી વયે એક પરિપક્વ કવિતા રચી હતી. શીર્ષક હતું : 'વિશ્વ શાંતિ.' 'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો' - જેવી રહસ્યમયી અને રમણીય પંક્તિથી આરંભાતી આ કવિતા ગાંધી સંદેશની સુગંધ રેલાવતી હતી. વિશ્વયુદ્ધો આ દુનિયાને નરી નજરે નિહાળ્યા છે, એનાતી થતી તબાહી પણ જીરવી અને જોગવી છે. કદાચ સૌથી પહેલું વિશ્વયુદ્ધ કુરુક્ષેત્રમાં ખેલાયું હતું. એને અટકાવવા શ્રીકૃષ્ણ, ભીષ્ણ અને વ્યાસ સહિતના તત્કાલીન અગ્રપુરુષોના પ્રયાસો નિષ્ફળ નીવડ્યા હતા. આખરે ભયંકર રક્તપાત થઈને જ રહ્યો હતો. વર્ષો પછી ટેકનોલોજી ખૂબ આગળ વધી ત્યારે એનીએ હિંસક વૃત્તિ વધુ વકરી. બે વિશ્વયુદ્ધોએ વીસમી સદીના માનવી માટે લાલબત્તીનું કામ કર્યું અને યુનાઈટેડ નેશન્લ જેવી વિશ્વશાંતિની સંસ્થા સ્થપાઈ. પરંતુ કાળક્રમે એ સંસ્થા પણ દાંત વગરના વાઘ જેવી બિચારી બાપડી બની ગઈ અને સરકસના વાઘની જેમ એના પર અમેરિકા જેવી મહાસત્તાએ સવારી કરી દીધી છે. મધ્યપૂર્વના દેશો અમેરિકા માટે માથાનો દુઃખાવો બની રહ્યાં છે. ઈઝરાયલ એનું બગલબચ્ચું બની ગયું છે અને આસપાસના આરબ રાષ્ટ્રોને એ દીઠું ગમતું નથી. પેલેસ્ટાઈન સંઘર્ષ હજી અધૂરો જ રહ્યો છે, ભલે યાસર અફારત જેવા નેતાઓને શાંતિનું નોબેલ ઈનામ મળી ગયું હોય પણ સ્વતંત્ર રાષ્ટ્રની એમની માગણી અકબંધ છે.

બીજી તરફ પેટ્રોલ સંપત્તિ ધરાવતા ખાડીના દેશો પર બજાર તરીકે અમેરિકાની રહેમ નજર રહી છે. ઈરાકના સદ્દામ હુસેન અને લીબિયાના સરમુખત્યાર કર્નલ ગદ્દાફીને ખતમ કરવાથી મધ્યપૂર્વની સમસ્યા હલ નથી થઈ ગઈ. વચ્ચે તાલેબાન અને ઈસ્લામિક સ્ટેટ જેવાં પરિબળો માથું ઊંચકતા રહ્યાં છે. અમેરિકા અને રશિયા તો કયારેક અમેરિકા અને ચીન સામસામાં આવી જાય એવી સ્થિતિ સરજાતી રહી છે. અમેરિકાને એની હેસિયત બતાવી દેનારા ઓસામા બિન લાદેનને અને આઈએસના સુપ્રીમ નેતા અબુબ્રક બગદાદીને ખતમ કર્યા પછી હવે ઈરાન સાથે માથાકૂટ સરજાતાં ટ્રમ્પે પેટ ચોળીને ચીડ ઊભી કરી છે. ઈરાને ટ્રમ્પને મિસાલીઓનો ભોગ બનેલા કુદ્દસ સેનાના સુપ્રીમ કમાન્ડરના મોતનો બગલો લેવા જબરદસ્ત હુમલો કર્યા પછી હવે આ બેઉ દુશ્મન રાષ્ટ્રો સંધિવિગ્રાહક તરીકે ભારત તરફ મીડ માંડી રહ્યા છે. ભારત બેઉથી સરખા અંતરે રહી મીઠા સંબંધો જાળવતી ઊભરતી મહાસત્તા અને સૈન્યસત્તા છે. આશા રાખીએ કે ભારત આ કથળી રહેલી વૈશ્વિક પરિસ્થિતિને સુધારી લેવા સક્રિય બને.

અમરવાણી - વિવેકવાણી !

યુગપુરુષ સ્વામી વિવેકાનંડ ઈ.સ. ૧૮૬૩ - ૧૯૦૨) યુગ પ્રભાવી મહાપુરુષ હતા. એમના પ્રેરણાદાયક સુવિચારો અહીં પ્રસ્તુત છે :

(૧) ઊભા થાવ, હિંમતવાળા બનો. તાકાતવાળા થાવ, સમજી લો. તમે પોતે જ તમારા ભાગ્યને ઘડનારા છો.

(૨) હે મહાનુભાવો ! જાગો. દુનિયા દુઃખમાં બળી રહી છે. તમને નિંદર કેમ આવે છે?



(૩) નિર્બળતા જ મૃત્યુ છે. સતત બોજો અને દુઃખ છે. શક્તિ જ જીવન છે; આનંદસ્વરુપ છે, શાશ્વત છે, અમર છે.

(૪) ભય ? કોનો ભય ? આપણે તારાઓનો ચૂરો કરી શકીએ, આપણે (દુષ્ટ) જગતને બળપૂર્વક ઉખેડી નાખી શકીએ.

(૫) કશાની પણ ચિંતા ન કરો. સમુદ્રને તરવો હોય, તો લોખંડી ઈચ્છાશક્તિ જોઈએ. પહાડો વીંધવા હોય તો એટલું બળ જોઈએ. કમર કસો, તૈયાર રહો. તમે કરી શકશો.

(૬) ગરીબો માટે જેનું હૃદય પીગળે છે, એ મહાત્મા છે. આમ ન થાય, તો ઓ દુરાત્મા છે. હું આમ કહું છું માટે હે મહાન આત્માઓ ! ઊઠો ! જાગો !

(૭) વિચારોને સતત પવિત્ર રાખો. ખરાબ સંસ્કારોને દબાવવાનો આ એકમાત્ર ઉપાય છે. સૌથી મોટી શક્તિ આ પવિત્રતા છે. એનાથી સૌ કોઈ ડરે છે.

(૮) પોતાનામાં જેને શ્રદ્ધા નથી, એ જ નાસ્તિક છે. આ નવો ધર્મ છે. શ્રદ્ધાવાન બનો. પછી બધું એમની મેળે પાછળ આવવાનું છે. પોતાનામાં શ્રધ્ધા રાખો. કોઈનાથી પણ ડરો નહિ.

(૯) હેતુ વગરના તુચ્છ માનવજીવનની કિંમત શું છે ? જિંદગીમાં એક મહાન આદર્શને સ્વીકારવો અને પછી એને માટે સમગ્ર જીવન સમર્પિત કરવું - આ જ તેનું ખરું મૂલ્ય છે.

(૧૦) તમારી પોતાની નિષ્ફળતા માટે બીજા કોઈને દોષિત ઠરાવો નહિ. ઊભા તાવ. આની જવાબદારી પોતાના ઉપર જ થોપો. કહો કે, 'આનો નિકાલ મારે પોતાને જ કરવાનો છે.'

(૧૧) લાખો મનુષ્યો ભૂખમરા અને અજ્ઞાનમાં સબડે છે, એના તરફ જે કોઈ જરા પણ ધ્યાન આપતા નથી; તે સૌ કોઈ દેશદ્રોહી છે.

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧૨) જે ધર્મ વિધવાના આંસુ લૂંછી ન શકે અથવા અનાથના મુખમાં રોટલોનો ટૂકડો નાખી ન શકે - એવા ધર્મને હું માનતો નથી. બીજાને માટે જેઓ જીવે છે, તેઓ જ ખરેખર જીવે છે.

(૧૩) પૈસાથી કશું નહિ વળે, યશથી પણ નહિ, વિદ્યાથી પણ નહિ. માત્ર ચારિત્ર્ય જ મુશ્કેલીઓની વજ જેવી દિવાલોને તોડીને; એમાંથી માર્ગ કાઢી શકશે.

(૧૪) તમારા સહુનો જન્મ મહાન કાર્યો માટે થયો છે. કોઈનાથી ડરો નહીં, અટકો નહિ. ઊભા થાય અને કામે લાગી જાવ !

(૧૫) સખત પરિશ્રમ કરો. પવિત્ર અને શુદ્ધ બનો.

(૧૬) બહાદુર અને હિંમતવાન માણસોની જરૂર છે. નરમ અને પોચી પોચી ભાવનાઓની નહિ.

(૧૭) નિષ્ફળતાની પરવા ન કરો, જીવનનું તે સૌંદર્ય છે. વધુ એક વાર પ્રયત્ન કરો.

૧૨મી જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદ જયંતી છે એમના ઉત્તમ અને ઉમદા વિચારો જીવનમાં ઉતારી શકાય એ જ એમને શ્રદ્ધાંજલિ છે.

માનવ શરીરનું સૌથી વધુ કાર્યરત અંગ કયું છે?

વિજ્ઞાન જગત

૧ ઈન્ફ્યુએન્ઝા રોગથી કયા અવયવને અસર થાય છે ?
(અ) હૃદય (બ) ફેફસાં
(ક) કીડની (ડ) આંતરડા

૨ ગર્ભનિરોધક ગોળીની શોધ કોણે કરી હતી ?
(અ) પિનક્સ (બ) ઈવા નોવેસ્કી
(ક) ક્વાન્ડિસ (ડ) રોબર્ટ કોચ

૩ ડૉ. કે.સી. મહેતાનું યોગદાન કયા ક્ષેત્ર માટે હતું ?
(અ) ટિસ્યુ કલ્ચર (બ) વૃક્ષ-રોગો
(ક) પ્રાણીશાસ્ત્ર (ડ) વર્મી કલ્ચર

૪ કયા વૈજ્ઞાનિક જીવાણું વિજ્ઞાનનાના પિતા તરીકે ઓળખાય છે ?
(અ) વૉન બેયર (બ) લૂઈ પાશ્ચર
(ક) એલેકઝાન્ડર (ડ) રોબર્ટ કોચ

૫ ફોરેસ્ટ રીસર્ચ ઈન્સ્ટીટયુટ કયાં આવેલું છે ?
(અ) ગાંધીનગર (બ) ભરતપુર
(ક) દહેરાદૂન (ડ) લખનૌ

૬ માઈક્રોબાયોલોજીના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) લૂઈ પાશ્ચર (બ) ઈવા નોવેસ્કી
(ક) હરગોવિંદ ખુરાના (ડ) લિવિરેન

૭ સલાઈવા પાચક રસ શરીરના કયા અંગમાંથી ઝરે છે ?
(અ) જઠર (બ) આંતરડા
(ક) મુખ (ડ) યકૃત

૮ ડિફથેરિયા નામના રોગથી કયું અંગ પ્રભાવિત થાય છે ?
(અ) ગળુ (બ) શ્વાસનળી
(ક) ફેફસાં (ડ) યકૃત

૯ વિશ્વનું સૌથી નાનું પક્ષી કયું છે ?
(અ) દેવ ચકલી (બ) સુઘરી
(ક) હમિંગ બર્ડ (ડ) કિંગ ફિશર

૧૦ સલીમ અલી પક્ષી વિજ્ઞાન કેન્દ્ર કયા આવેલું છે ?
(અ) ભરતપુર (બ) કાઝીરંગા
(ક) નળ સરોવર (ડ) કોઈમ્બતૂર

૧૧ જિનેટીક કોડની શોધ કોણે કરી હતી ?
(અ) ડૉ. જે.સી. બોઝ (બ) ડૉ. હરગોવિંદ ખુરાના
(ક) ડૉ. હોમી ભાભા (ડ) લિવિરેન

૧૨ માનવ શરીરનું સૌથી વધુ કાર્યરત અંગ કયું છે ?
(અ) હૃદય (બ) મગજ
(ક) જઠર (ડ) ફેફસાં

૧૩ દરિયાની ઊંડાઈ માપવા કયો એકમ વપરાય છે ?
(અ) કિ.મી. (બ) માઈલ
(ક) ફેથમ (ડ) મીટર

૧૪ પાણીની અંદર અવાજનું રેકોડીંગ કરવા શાનો ઉપયોગ થાય છે ?
(અ) મેગાફોન (બ) હાઈડ્રોફોન
(ક) ગ્રામોફોન (ડ) ટેલીફોન

૧૫ વિજળીના ગોળામાં વપરાતો તાર કઈ ધાતુનો હોય છે ?
(અ) તાંબાનો (બ) નિક્રોમ
(ક) એલ્યુમિનિયમ (ડ) ટંગસ્ટન

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૧૦ જાન્યુઆરી : વિશ્વ હાસ્ય દિવસ**
- લોક સાહિત્યના સર્જક જોરાવરસિંહ જાદવનો જન્મ દિવસ (૧૯૪૦)
- પદ્મવિભૂષણથી સન્માનિત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ધારાશાસ્ત્રી ડૉ. રાધા વિનોદ પાલની પુણ્યતિથિ (૧૯૬૭)
- ભારત-પાકિસ્તાને શાંતિ સમજૂતી પર સહી કરી (૧૯૬૬)
- દેશની તમામ ભાષાઓમાં ગીતો રેકોર્ડ કરનાર યશુદાસનો જન્મદિવસ (૧૯૪૦)
- **૧૧ જાન્યુઆરી :**
- દેશના પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું નિધન (૧૯૬૬)
- પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતું સ્વતંત્ર બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવ્યું (૧૯૭૨)
- દૂધનું પ્રથમવાર બોટલમાં ભરી વેચામ શરૂ થયું (૧૮૭૮)
- ક્રિકેટર રાહુલ દ્રવીડનો જન્મદિવસ (૧૯૭૩)
- **૧૨ જાન્યુઆરી : રાષ્ટ્રીય યુવા દિન**
- સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ (૧૮૬૩)
- બ્રિટનના ફિલોસોફ્ટ એડમંડ બર્કન જન્મદિવસ (૧૭૨૯)
- વિશ્વનો પ્રથમ એક્સરે ફોટો અમેરિકામાં કાઢવામાં આવ્યો (૧૮૯૬)
- ગાંધીજીના ઉપવાસ અંતિમ પુરવાર થયા (૧૨, જાન્યુઆરી, ૧૯૪૮)
- **૧૩ જાન્યુઆરી :**
- સાહિત્યકાર ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્'નું નિધન (૧૯૯૧)
- અકબરના દરબારના નવરત્નોમાંના એક એવા અબુલ ફઝલનો જન્મ દિવસ (૧૫૫૧)
- દેશળજી પરમારની જન્મ જયંતિ (૧૮૯૪)
- નિરુ દેસાઈની જન્મજયંતિ (૧૯૧૨)
- **૧૪ ડિસેમ્બર : મકર સંક્રાતિ**
- નોબેલ પારિતોષિક વિજેતા આલ્બર્ટ સ્વાઈત્ઝરનો જન્મદિવસ (૧૮૭૫)
- મરાઠા અને અમહદ શાહ અબ્દાલી વચ્ચે પાણીપતનું ત્રીજું યુદ્ધ થયું હતું (૧૭૬૧)
- હાસ્ય લેખક વિનોદ ભટ્ટનો જન્મદિવસ (૧૯૩૮)
- અર્વાચીન કવિતાકાર નરસિંહરાવ દિવેટીયાની પુણ્યતિથિ (૧૯૩૭)
- **૧૫ જાન્યુઆરી :**
- અમેરિકાના ગાંધી માર્ટિન લ્યૂથર કિંગનો જન્મદિવસ (૧૯૨૯)
- આર્મી દિવસ
- **૧૬ જાન્યુઆરી :**
- સાહિત્યકાર સુંદરજી બેટાઈનું નિધન (૧૯૮૯)
- રાણી લક્ષ્મીબાઈનો જન્મદિવસ (૧૮૩૫)
- શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનું નિધન (૧૯૩૮)
- વિશ્વની બીજી ટેસ્ટટ્યુબ બેબીનો જન્મ આપનાર ડૉ. સુભાષ મુખોપાધ્યાયનો જન્મદિવસ (૧૯૩૧)

ગત સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં મહારાષ્ટ્રમાં એનસીપીના કયા નેતાને ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવ્યા ? જવાબ : અજીત પવાર

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

તાજેતરમાં અમેરિકાના હુમલામાં ઈરાનના કયા લોકપ્રિય નેતાનું અવસાન થયું ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

એ...ઈ... કાઈપો છે... ચગાવો... કાપો... લૂંટો...

'ચલી ચલી રે પતંગ મેરી ચલી રે...
ચલી બાદલોં કે પાર, હોકે ડોર પે સવાર
સારી દુનિયા હે દેખ દેખ જલી રે....
ચલી ચલી રે પતંગ મેરી ચલી હે...'

જૂની ફિલ્મ 'ભાભી'નું આ ગીત ગાતા ગાતા લાલાકાકાની સવારી આવી...

'વાહ, અંકલ... સરસ ગીત ગાયું, હોં !' અમે પ્રશંસાના પુષ્પો સાથે રેડ અંકલને આવકાર્યા...

'તે પનુભાઈ, ગાણાં તો અવસર પ્રમાણે જ ગાવાં પડે ને ! ઉત્તરાયણ ઉપર હોળીનાં ગીત થોડા ગવાય છે, હેં ?'

'એ તો છે જ... પણ અંકલ, તમે પતંગ તો ચગાવતા નથી તોય ભલી ઉત્તરાયણ યાદ આવી તમને ?'

'પનુભાઈ, પતંગ ચગાવવાનો આપણને ભલે શોખ ના હોય પણ પતંગને દોરી લૂંટવાન ને પતંગના પેચ જામ્યા હોય ત્યારે 'લપેટ... લપેટ... એ..ઈ... કાપ્યો...'ની બૂમો પાડી, ઝોલ પકડવાની મજા તો માણવી ગમે છે.... અને સાવ એવું ય નથી...'

'ખબર છે... બીજાના ધાબે, બીજાની ચીકી ખાતાં ખાતાં, પારકી પતંગ ને ફિરકી મળી જાય તો ચગાવી દો ય ખરા, હેં ને ?' અમારાથી બોલાઈ ગયું...

'એ તો એમ જ હોય ને, ભાઈ... બાકી આપણે ઉત્તરાયણ યાદ ન રાખીએ તો ય ઉંધિયા - જલેબી વેચાણના માંડવા જોઈને, 'ઉત્તરાયણનો ઉમંગ... અમારા ઉંધિયા-જલેબી સંગ' ની પેપરમાં જાહેરાતો જોઈને, પતંગ દોરીથી ઘવાતા પક્ષીઓને બચાવવા માટેની હેલ્પલાઈનની અખબારી યાદીઓ જોઈને, રોડ સાઈડ પર ગોગલ્સ - કેપના કમ ચલાઉ ઊભાં થયેલા માર્કેટને જોઈને અને પતંગપ્રેમીઓને પતંગ ચગાવતા કે ટાબરિયાઓને દોરી લૂંટવા રોડ ઉપર દોડાદોડી કરતા જોઈને ખબર પડી જ જાય ને કે મકરસંક્રાતિ આવી પહોંચી છે...'

'યસ, રાઈટ અંકલ...'

'ને પનુભાઈ, હવે તો સરકાર પણ એડવાન્સમાં પતંગ મહોત્સવ યોજીને ય ખબર કરી દે છે કે આવી રે આવી... ઉત્તરાયણ આવી, ખરું ને ?'

'હા... અંકલ, ઉત્તરાયણ પછીના દિવસે એટલે કે ૧૫ જાન્યુઆરીએ પણ ઉત્તરાણ ઊજવાય છે તેને 'વાસી ઉત્તરાણ' કરીએ છીએ તો આ ૧૪મી પહેલાં ઉજવાતા પતંગ મહોત્સવને કઈ ઉત્તારણ કહેવાય ?

'પ્રિ - ઉત્તરાયણ... પૂર્વ ઉત્તરાણ... અલ્યા ભાઈ, હવે પ્રિય વેડીંગ ફંકશન્સ ને પ્રિ વેડીંગ ફોટો - વીડિયો શૂટ્સ હોય છે ને એમ જ....'

'એ સાચું...'

'પનુભાઈ, એક વાત કરું ?'

'ના કરીશ તોય તમે કીધા વગર રહેવાનો છો, અંકલ... માટે કરી જ નાખો...' અમે કહ્યું...

વાત કહેવાના મૂડમાં હોવાથી લાલાકાકાએ અમારી ટકોર ધ્યાને ન લીધી એટલે ખોટું લગાડીને અમને કંઈક સંભળાવી ન દીધું પણ પોતાની મૂળ વાત માંડી : 'ભાઈ, પતંગ મહોત્સવમાં પદરેશી પતંગબાજો આવે છે ને જાતજાતના આકારવાળા, મોટા મોટા કદના પતંગો ઉડાડે છે... માટે, એક દોરી પર દસ-પંદર પતંગ ચગાવે છે... પણ એક જ પતંગ પર પંદર-વીસ બીજાના પતંગોને ભર દોહીમાં કાપી નાખવાથી પેચકળાના આપણા ઉસ્તાદો કંઈ કમ છે?'... એક નાનકડા ધાબા કે પતરા ઉપર ચાર-છ જણા પતંગ ચગાવે ને છતાં એમના અંદર અંદર પેચ ના લાગે, પેચ તો દૂરના બીજા - ત્રીજાના અગાશીવાળાના પતંગ જોડે જ જામે એ કળા પરદેશી પતંગબાજો પાસે છે ? ખેંચીને - ઢીલ છોડીને, પતંગને ગોથ મારી નીચેથી ઉપર લાવી પેંચ લગાવી કાપવાની આવડત - કૌશલ્ય પગંતબાજો પાસે હોય છે તે પેસા પરદેશી પતંગબાજો પાસે કયાં છે ? અરે, એકબીજાના ભર હવામાં ઊડતા પતંગોને નીચે પછાડવાની, કાપી નાખવાની, બીન હવામાં કરી નાખવાની જે કળા આપણા રાજકારણીઓ પાસે છે તે બીજા કોઈ પાસે નથી હોતી !'

હળવે હૈયે
પ્રકાશ લાલા

'તો પછી સરકાર જેમ પરદેશના પતંગબાજો એમની કળા પ્રદર્શન કરવા અહીં આમંત્રે છે તેમ આપણા પતંગપેચ નિષ્ણાતોને એમના દેશમાં મોકલવાનું કંઈક ગોઠવવું જોઈએ ને !!'

'મુદ્દો મહત્ત્વનો છે... તમે પત્ર લખી સરકારને સૂચન કરજો, અંકલ... પણ અત્યારે પતંગ વઈશેનું બીજું કોઈ ગીત હોય તો લલકારો...' અમે વાત બીજા પાસે ચઢાવવા રેડ અંકલને કહ્યું...

'સાંભળો આ ગીતમાં અસલી અમદાવાદી ઉત્તરાણની વાત છે...'

'એ... કાઈપો છે...
એ.. ઢીલ દે દે... ઢીલ દે દે રે ભૈયા
ઈસ પતંગ કો ઢીલ દે...
જૈસે હી આયે મસ્તી મેં
ઉસ પતંગ કો ખીંચ લે રે ભૈયા...'

'કયા બાત હૈ, અંકલ... તમે તો ફિલ્મ 'હમ દીલ દે ચૂકે સનમ' યાદ કરાવી દીધી, હોં....'

'પણ પનુભાઈ, હવે ગીતો જ ગાઈશું કે કંઈ ખાઈશું ખરા ? સીંગ ચીકી, ચણા ચીકી, મમરા ચીકી, જે કંઈ બનાવ્યું હોય તે ચખાડો તો ખરા ભલા માણસ...'

'હેં ?'

'હેં નહીં, હા... હા...'